## જન્મદિને વધામણી



સંજય થોરાત
મંત્રી, સદવાચન પરિવાર અને ગાંધીનગર સાહિત્ય સભા
મો : ૯૯૨૪૦૫૭૦૪૯



પ્રકાશકુમાર એ મોથ
મંત્રી
વરિષ્ઠ નાગરિક કલ્યાણ ટ્રસ્ટ



અરવિંદાબેન જિતેન્દ્રકુમાર પુરોહિત
મો. ૯૪૨૯૫ ૪૪૯૪૯



કંચનબેન જી જેસલપુરા
ફોન : ૨૩૨૩૩૬૭૧



કંદર્પભાઈ
મો. ૯૮૨૪૮૨૭૨૪૯



અભયસિંહ સુનીલજી ઠાકોર
મો. ૭૦૯૬૪૨૯૧૯૪

# હોમગાર્ડ્સ સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા



ગાંધીનગર, તા. ૭

જિલ્લાના પ્રાંતિયા ગામે સ્થિત સ્મૃતિ વિકાસ શાળાના પટાંગણમાં હોમગાર્ડ્સ સ્થાપના દિવસ નિમિત્તે વિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ચિલોડા યુનિટના ૧૨૨ હોમગાર્ડ્સ જવાનોએ ટ્રાફિક નિયમ, મૅડિકલ ચૅક-અપ, રોડ માર્ચ, પ્રભાત ફેરી, ગ્રામસફાઈ જેવા રચનાત્મક કાર્યક્રમો હાથ ધરી આ દિવસની ઉજવણીને સાર્થક બનાવી હતી.

પાલજ, શિહોલી મોટી, દશેલા, દોલારાણા વાસણા, જાખોરા, ધરમપુર, લેકાવાડા, ઈસનપુર મોટા, છાલા, વાસણા ચૌધરી, ધણપ તથા મહુન્દ્રા ગામમાં જવાનોએ આ રચનાત્મક પ્રવૃત્તિઓ હાથ ધરી હતી.

પ્રાંતિયા સ્મૃતિ વિકાસ શાળામાં મૅડિકલ ચૅક-અપ કૅમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત જવાનોની બ્લડપ્રેશર અને ડાયાબિટીસ અંગ શારીરિક તપાસ કરવામાં આવી હતી. શાળાના માનસિક વિશિષ્ટ વ્યક્તિઓને પૌષ્ટિક આહાર, ફળો તથા દૂધ પેટા આરોગ્ય કેન્દ્રના સૌજન્યથી આપવામાં આવ્યું હતું. આ સ્તુત્ય કાર્યમાં સ્વયંસેવક ચાર્મી પટેલ, જયશ્રીબેન પટેલ, મેલેરિયા સુપરવાઈઝર બી કે વાઘેલા, પત્રકાર નટુભાઈ પટેલ, એન જે સોલંકી, પ્લાટુન સાર્જન્ટ બી એન જાદવ, સ્મૃતિ વિકાસ શાળાના વશરામભાઈ વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# દેશની યુનિવર્સિટીઝમાં સારા પ્રૉફેસર્સની અછત !

ગાંધીનગર, તા. ૭

ગુજરાત ટેકનોલોજિકલ યુનિવર્સિટી દ્વારા નવી એજ્યુકેશન પોલિસી તૈયાર કરવાની કામગીરીના ભાગરૂપે એક રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ યોજાઈ હતી. જેમાં હાયર એજ્યુકેશનમાં શોધ અને સંશોધન પર વધુ ભાર મુકવા માટે શિક્ષણવિદો અને બેઠકમાં ઉપસ્થિત રહેલા કુલપતિઓએ સૂચન કરતાં એ બાબતનો એકરાર કર્યો હતો કે દેશની યુનિવર્સિટીઝમાં સારા પ્રૉફેસર્સની અછત છે. સરકાર દ્વારા છેલ્લા કેટલાય સમયથી નવી શૈક્ષણિક નીતિ તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. જેના ભાગરૂપે શનિવારે ટેકનિકલ યુનિવર્સિટી દ્વારા રાઉન્ડ ટેબલ કોન્ફરન્સ ગોઠવવામાં આવી હતી. જેમાં અનેક શિક્ષણવિદો અને જુદી જુદી યુનિવર્સિટીના કુલપતિઓએ ભાગ લઈને પોતાના વિચારો રજૂ કર્યા હતા. કોન્ફરન્સના પ્રારંભમાં જીટીયુના કુલપતિ અક્ષય અગ્રવાલે કહ્યું કે રાઉન્ડ ટેબલ કોન્ફરન્સનો મુખ્ય હેતુ સમગ્ર શિક્ષણના માળખા અંગે ચર્ચા કરવાનો છે. અમે વર્ષ ૨૦૧૧થી શિક્ષણના માળખાને સુધારવા માટે પ્રયાસો શરૂ કર્યા છે. ભારતનું સમગ્ર શિક્ષણમાળખું હાલ અનેક પ્રકારના પડકારોનો સામનો કરી રહ્યું છે. અમે સીલેબસ તૈયાર કર્યો ત્યારથી જ વિદ્યાર્થીઓ અભ્યાસની સાથે લર્નિંગની પ્રક્રિયા શરૂ કરે તેવી વ્યવસ્થા ગોઠવી છે. દેશની તમામ યુનિવર્સિટીઓ પણ સારા શિક્ષકોની અછતનો સામનો કરી રહી છે. શિક્ષકોને ટ્રેનિંગ આપવા માટેના ફેકલ્ટી ડેવલપમેન્ટ પ્રોગ્રામમાં અને અત્યાર સુધીમાં ૧૭ હજાર પ્રોફેસરોને તાલીમ આપી છે. રિસર્ચ વર્કને પ્રોત્સાહન આપવા જીટીયુ દ્વારા ૨૫ સંકુલ બનાવાયા છે. આ ઉપરાંત ઈન્ડસ્ટ્રીઝને પણ જીટીયુ સાથે જોડવાની કામગીરી કરાઈ છે. છત્તીસગઢની સ્વામી વિવેકાનંદ ટેકનિકલ યુનિ.ના કુલપતિ ડો.એમ.કે. વર્માએ કહ્યું કે શૈક્ષણિક સુધારા અંગેનો રોડમેપ તૈયાર થવો જરૂરી છે. શિક્ષણવિદોની પણ જવાબદારી નક્કી થવી જરૂરી છે. ઉત્તરપ્રદેશની ગલ્ગોટીયાઝ યુનિ.ના વાઈસ ચાન્સેલર ડો. બી.વી. બાબુએ કહ્યું કે એજ્યુકેશન ભવિષ્યમાં સમાજ માટે આર્થિક ફાયદારૂપ બનવાનું છે. જેના માટે સ્કીલ ડેવલપમેન્ટ અને ટ્રેનિંગ ફરજિયાત કરવી જરૂરી છે.

# લાયોનેસ ક્લબ અને ઍમ બી પટેલ સ્કૂલ દ્વારા મૅડિકલ ચૅક-અપ કૅમ્પ



ગાંધીનગર, તા. ૭

લાયોનેસ ક્લબ અને ઍમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સ્કૂલ દ્વારા ઈન્દ્રોડા ખાતે આયોજિત ઍનઍસઍસ શિબિર અંતર્ગત ૨૭૬ જેટલા ગ્રામજનોનું નિઃશુલ્ક આઈ ચૅક-અપ અને ડાયાબિટીસ ચૅક-અપ હાથ ધરવામાં આવ્યું હતું. ૨૧૨ વ્યક્તિઓને નંબરના ચશ્માનું રાહત દરે વિતરણ કરવામાં આવ્યું હતું. આ ચૅક-અપ દરમ્યાન ૧૪ વ્યક્તિઓને મોતિયો હોવાનું નિદાન થયું હતું.

શિબિરમાં ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર વર્ષાબેન પારેખનું માર્ગદર્શન પ્રાપ્ત થયું હતું. લાયોનેસ ક્લબનાં પ્રમુખ વૈશાલી જોષી, સૅક્રેટરી દક્ષાબેન જાદવ, પ્રિયાબેન માનિક અને અન્ય સભ્યોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.

# સમર્પણ આર્ટસ-કોમર્સ કોલેજ ખાતે સ્વઅધ્યયન સંશોધન કેન્દ્રનો પ્રારંભ



ગાંધીનગર, તા. ૭

'સાકાર' સમર્પણ આર્ટસ અને કોમર્સ કોલેજ ગાંધીનગરમાં સંકુલ નિયામકશ્રી ડૉ. કિશોરસિંહ સોલંકી અને આચાર્ય ડૉ.ઋચાબહેન બ્રહ્મભટ્ટ ના માર્ગદર્શન હેઠળ અને શૈક્ષણિક ઉત્કર્ષ સમિતિના કન્વીનર ડૉ.દીપક પંડ્યા અને ડૉ.કમલ દવે દ્વારા સ્વઅધ્યન સંશોધન પ્રવૃત્તિ 'સાકાર' નો પ્રારંભ થયો છે. જે અન્વયે તાઃ ૧.૧૨.૨૦૧૫ના રોજ પ્રારંભિક વકતવ્ય જાણીતા સાહિત્યકાર અને સંકુલ નિયામકશ્રી ડૉ. કિશોરસિંહ સોલંકીએ 'મારી સર્જન યાત્રા' શીર્ષક હેઠળ આપ્યું હતુ. તાઃ૨.૧૨.૨૦૧૫ના રોજ સંસ્કૃત વિભાગના ડૉ. હેમંત વૈષ્ણવ દ્વારા 'કૌટિલ્યનું અર્થશાસ્ત્ર' - આજના સંદર્ભમાં' વિષય ઉપર વ્યાખ્યાન યોજાયું હતુ.

આ શિબિરનો હેતુ અધ્યાપકો વચ્ચેના પારસ્પરિક સંવાદ ઉપરાંત શૈક્ષણિક કૌશલ્યમાં વૃધ્ધિનો છે. આ ઉપરાંત શૈક્ષણિક ઉત્કર્ષ સમિતિએ વર્ષ ૨૦૧૬-૧૭ માં વ્યાખ્યાન માળાનું આયોજન પણ વિચારેલ છે. સમર્પણ આર્ટસ અને કોર્મસ કોલેજ ગાંધીનગર દ્વારા શરૂ થયેલ આ અભિયાનને સમગ્ર સ્ટાફ દ્વારા આવકારવામાં આવેલ છે. ભવિષ્યમાં 'સાકાર'ના ઉપક્રમે બહારથી પણ જે તે વિષયના નિષ્ણાતોને આમંત્રીને એમનો પણ લાભ લેવામાં આવશે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
હેટ સ્ટોરી-૩
૬.૪૫, ૧૦.૪૫
**સ્ક્રીન-૨**
છેલ્લો દિવસ
૭.૦૦, ૧૦.૦૦
હેટ સ્ટોરી-૩
૧૨.૪૫, ૩.૪૫
**સ્ક્રીન-૩**
તમાશા
૩.૩૦, ૯.૪૫
**સ્ક્રીન-૪**
છેલ્લો દિવસ
૧.૦૦
પ્રેમ રતન ધન પાયો
૯.૩૦
**સ્ક્રીન-૫**
તમાશા
૬.૩૦
છેલ્લો દિવસ
૪.૦૦
હેટ સ્ટોરી-૩
૧૦.૦૦
**સ્ક્રીન-૬**
છેલ્લો દિવસ
૧૦.૦૦
પ્રેમ રતન ધન પાયો
૩.૪૫
તમાશા
૧૨.૩૦
હેટ સ્ટોરી-૩
૯.૪૫

# અન્ય યુનિવર્સિટીઝ સાથે સંલગ્ન કૉલેજીસની પરીક્ષા પણ ગુજરાત યુનિવર્સિટી લેશે

ગાંધીનગર, તા. ૭

રાજ્ય સરકારે વિધાનસભામાં એક્ટ પસાર કરી ગુજ. યુનિ.માંથી ૧૩૦ કોલેજોને અલગ કરીને સરદાર પટેલ અને ગોવિંદગુરુ યુનિવર્સિટીમાં સમાવેશ કર્યો અને આ બંને યુનિવર્સિટીઝમાં સુવિધા છે કે કેમ તે ચકાસ્યા વિના કોલેજો અલગ કરી દેવાઈ હતી. પરંતુ, નવી યુનિવર્સિટીમાં સુવિધાના અભાવે હવે ૧૩૦ કોલેજોની પરીક્ષા ગુજરાત યુનિવર્સિટીને જ લેવાની આવી છે. સરકારે ગુજરાત યુનિવર્સિટીની ૧૩૦ કોલેજો પૈકી ૪૫ કોલેજો એસપી યુનિવર્સિટીમાં અને ૮૫ કોલેજો ગોવિંદગુરૂ યુનિવર્સિટીમાં ભેળવી દેવાનો નિર્ણય લીધો હતો. હાલમાં આ બંને યુનિવર્સિટી કોલેજોની પરીક્ષાની કામગીરી કરી શકે તેવી વ્યવસ્થા ઉપલબ્ધ નથી. જેથી આ ૧૩૦ કોલેજોના ૩૦ હજાર જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાની જવાબદારી ફરીથી ગુજરાત યુનિવર્સિટી પાસે જ આવી છે. પંચમહાલ, ગોધરાના વિદ્યાર્થીઓને પણ ગુજરાત યુનિવર્સિટીમાં પરીક્ષા આપવા માટે આવવું પડશે.







ભારતીય નૌસેના વાલસુરા દ્વારા નૌસેના સપ્તાહની ઉજવણી અંતર્ગત સૌરાષ્ટ્ર ખાતે હાફ મૅરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. ૧૮ વર્ષથી વધુ આયુ ધરાવતા ખેલાડીઓ માટે સૌરાષ્ટ્ર હાફ મૅરેથોન (૨૧.૩ કિમી), સૌ માટે રન ફૉર રન (૧૦.૮ કિમી) ડ્રીમ રન એમ ત્રણ ભાગમાં આ મૅરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. હાફ મૅરેથોન અને રન ફૉર રનને અનુક્રમે સવારે ૬.૩૦ કલાકે અને ૬.૫૦ કલાકે કમાન્ડર બી સિવાકુમાર દ્વારા લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ડ્રીમ રનનો આરંભ ૭.૧૫ કલાકે કરવામાં આવ્યો હતો. હાફ મૅરેથોન અને રન ફૉર રનમાં પ્રથમ દસ ક્રમે આવનારાં પુરુષો અને પાંચ મહિલાઓને રોકડ રકમ તથા ઈનામથી નવાજવામાં આવ્યાં હતાં. ૩૨૦૦થી વધુ લોકોએ આ દોડમાં ભાગ લઈ કાર્યક્રમને સફળતા બક્ષી હતી.

# બાળુડાને બાથ આપી બળુકા બનાવીએ

આજે દેશમાં 'નેશનલ ડે ફોર મેન્ટલી રિટાર્ડેડ' એટલે કે માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેનો દિવસ ઉજવાઈ રહ્યો છે ત્યારે પુનઃ એ બાબત તરફ અંગૂલીનિર્દેશ કરવો છે કે પોતાની શારીરિક પરિસ્થિતિને કારણે સમાજથી હજુ થોડી દૂરી પર રહેલા આ વ્યક્તિઓને સમાજની નજદીક લાવવા માટે જરૂર છે એમના પ્રત્યે થોડું ધ્યાન આપવાની અને એમને એમના યોગ્ય તક આપવાની.



માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટેનો દિવસ એ માત્ર એમના માટેનો જ દિવસ છે એવું નથી, હકીકતે આ દિવસ છે સામાન્ય વ્યક્તિઓનું વિશિષ્ટ વ્યક્તિ તરફ ધ્યાન દોરવાનો ને એમ કરીને એમને સમાજની નજદીક લાવવાનો પ્રયાસ કરવાનો.

એ માટે પ્રથમ તો માનસિક વિશિષ્ટ લોકો પ્રત્યે આપણી દષ્ટિ અને અભિગમ બદલવાની જરૂર છે. આજે પણ સમાજનો મોટો વર્ગ આવી વ્યક્તિઓને 'ગાંડા' કે 'મંદબુદ્ધિ'ના લોકો કહીને બોલાવે છે. સરકારના એવા પ્રયાસો છે કે આવા




વ્યક્તિઓને માનસિક વિશિષ્ટ ન માત્ર ગણવામાં આવે પરંતુ કહેવામાં પણ આવે. એમાંય હવે તો ડિફરન્ટલી એબલ્ડ શબ્દ પ્રચલિત થયો છે, એનો પણ ઉપયોગ કરી શકાય. અથવા માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે ગાંધીનગરથી પ્રચલિત થયેલો અને હવે ગુજરાતભરમાં પ્રયોજાતો શબ્દ 'બાળુડા' પણ ઉપયોગમાં લઈ શકાય. જરૂર છે આપણા દષ્ટિકોણને બદલવાની અને નવી દષ્ટિથી એમની તરફ જોવાની.

બીજું એ કરવાનું છે કે વિશિષ્ટ વ્યક્તિઓ અને આમ સમાજ વચ્ચેનું અંતર ઓછું કરવાનું છે. એ માટે પ્રયાસ વિશિષ્ટ વ્યક્તિ તરફથી નહીં થાય, સામાન્ય વ્યક્તિએ જ પ્રયાસ કરવા પડશે. ઉલ્લેખ કરવો પડે કે ગાંધીનગર શહેર આ બાબતે ઘણું આગળ છે. અહીં ઘણી સંસ્થાઓ અને વ્યક્તિઓ પણ વિશિષ્ટ અને સામાન્ય વ્યક્તિઓ વચ્ચેનું અંતર દૂર કરવાના અનેકવિધ પ્રયાસો વર્ષભર કરે છે. પરંતુ જિલ્લાની, રાજ્યની અને દેશની સ્થિતિ ગાંધીનગર શહેર જેટલી સારી નથી એટલે આ સંદેશ એમના સુધી પણ પ્રસારિત કરવાની તાતી જરૂર છે.

ગાંધીનગર જિલ્લામાં માનસિક વિશિષ્ટ વ્યક્તિઓની સંખ્યા ૧ હજારથી વધુ અને શહેરમાં ૩૦૦થી વધુ છે, જેમના માટે ત્રણેક નિવાસી સંસ્થાઓ ચાલે છે. સરકાર દ્વારા પ્રાથમિક કક્ષાએ 'ઍસઍસએ' અને સૅકન્ડરી કક્ષાએ 'આઈઈડીઈઍસ' અભિયાન અંતર્ગત વિશિષ્ટ વ્યક્તિઓને શિક્ષણ અને તાલીમ આપવાના પ્રયત્નો થઈ રહ્યા છે, જેના ઘણાં સારાં પરિણામો મળ્યાં છે, મળી રહ્યાં છે.

પરંતુ, માત્ર સરકારથી, ગણીગાંઠી સંસ્થાઓથી કે મૂઠ્ઠીભર સંવેદી શિક્ષકોથી થઈ શકે એટલું નાનું આ કામ નથી, એના માટે સમાજના દરેક વ્યક્તિએ પોતાના સાથ અને હાથ આપવાની જરૂર છે.

માનસિક વિશિષ્ટ અવસ્થા ધરાવતી વ્યક્તિઓને યોગ્ય શિક્ષણ, તાલીમ આપવામાં આવે તો તે ન માત્ર પગભર થઈ શકે છે, પરંતુ પોતાનું જીવન સારી રીતે જીવી પણ શકે છે. એને જરૂર છે આપણા તરફથી યોગ્ય તકની, તાલીમની.

આવી તક અને તાલીમ પામેલાં જિલ્લાનાં ત્રણ વિશિષ્ટ વ્યક્તિઓની વાત અહીં રજૂ કરી છે, એ એટલા માટે જ કે સાચી દિશામાં પ્રયાસો થાય તો અવશ્ય માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ અને સામાન્ય વ્યક્તિઓ વચ્ચેનું અંતર દૂર કરી શકાય છે. એવું કરીએ અને એવું થાય એ માટેનો સંદેશ પણ પ્રસારીએ.

આજના માહિતીની ક્રાંતિના કે વૉટ્સઍપીયા યુગમાં આજે એક મૅસેજ તો માનસિક વિશિષ્ટ વ્યક્તિઓ માટે થઈ જ જાય !

## ગૌતમ અમૃતલાલ ડાભી



ડભોડા પાસેના રાયપુરા ગામનો રહેવાસી ગૌતમ દસમા ધોરણની પરીક્ષા આપી રહ્યો છે. અલબત્ત, ગણિત વિષયમાં તેને સફળતા નથી મળી રહી પણ એનાથી ન તો એ નાસીપાસ છે કે ન તો એના પરિવારજનો. નવજીવન ઍજ્યુકેશન ટ્રસ્ટના વિશિષ્ટ શિક્ષક જિતેન્દ્ર પટેલ એને તાલીમ આપી રહ્યા છે અને ગૌતમનો પરિવાર સતત એની સાથે છે, જેના થકી આગામી તા. ૧૨થી ૧૯ દરમ્યાન રોહતક, હિમાચલ પ્રદેશ ખાતે આયોજિત ફ્લોર હોકીની નૅશનલ ચૅમ્પિયનશીપમાં ભાગ લેવા માટે તે રવાના થઈ રહ્યો છે. આ અગાઉ ગૌતમે સ્પેશિયલ ઑલિમ્પિક્સ, જિલ્લાકક્ષાએ સાઈકલીંગની સ્પર્ધામાં સિલ્વર મૅડલ પણ પ્રાપ્ત કર્યો છે.

## જિલ્લાની બે માનસિક વિશિષ્ટ ખેલ વીરાંગનાઓ ફ્લોર બૉલ ખેલના રાષ્ટ્રકક્ષાના તાલીમ કૅમ્પમાં





ગત તા. ૩૧ ઑક્ટોબરના ગાંધીનગર સમાચારમાં આ જ પાના ઉપર આ સમાચાર પ્રકાશિત થયા હતા. ભારતમાં આ વર્ષે પ્રથમ વખત સામે આવેલી ફ્લોર બૉલ રમતના રાષ્ટ્રકક્ષાના તાલીમ કૅમ્પમાં ગાંધીનગર જિલ્લાની બે માનસિક વિશિષ્ટ ખેલ વીરાંગનાઓએ ભાગ લીધો હતો.

લોદરા ગામની રહેવાસી ઉર્વી અતુલભાઈ રાવલ અને નારદીપુર ચાર્મી પ્રકાશભાઈ પટેલ આ પસંદગી પામી હતી અને હરિયાણા ખાતે તા. ૨૭ ઑક્ટોબરથી આયોજિત તાલીમ કૅમ્પમાં ભાગ લેવા પહોંચી હતી. સ્પેશ્યલ ઑલિમ્પિક્સ, ગાંધીનગર જિલ્લાના ગ્રોથ ઍન્ડ ડેવલપમૅન્ટ મૅનેજર જિજ્ઞેશ રાવલના માર્ગદર્શનમાં આ બંને ખેલ વીરાંગનાઓને તેમના વિશિષ્ટ શિક્ષક પ્રકાશ ગોસ્વામી અને વિરેન્દ્ર ભટ્ટે ફ્લોર બૉલની રમત માટેની પ્રાથમિક તાલીમ આપી હતી અને રાજ્ય કક્ષાની સ્પર્ધા માટે ખેલ વીરાંગનાઓની પસંદગી નિશ્ચિત કરાવી હતી. ઉલ્લેખનીય છે કે રાજ્યમાંથી ૧૦ માનસિક વિશિષ્ટ ખેલાડીઓ રાષ્ટ્રકક્ષાના આ કૅમ્પ માટે પસંદગી પામ્યા હતા. જાણીને નવાઈ લાગશે કે ચાર્મીના માતા-પિતા નથી, એ પોતાના મામા સાથે રહે છે, પરંતુ તેમ છતાં ઘરની કાળજી અને શિક્ષકો દ્વારા યોગ્ય તાલીમના પ્રતાપે તેણે આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.